**૦૭મા એડી. જ્યુડી. મેજી. ફ. ક. શ્રીની કોર્ટ સમક્ષ, રાજકોટ**

**ફોજદારી કેસ નં. ૧૨૦૪૬/૨૦૨૪**

**<u>આંક –૧ નીચે હુકમ</u>**

(૧) આરોપી તરફે રજુ કરેલી અરજી, એફ. આઈ.આર. તથા ચાર્જશીટ વંચાણે લીધી.

(૨) આ કામે આરોપી ઉપરનો આક્ષેપિત ગુનો વંચાણે લેવામાં આવે તો ફરિયાદપક્ષનો કેસ એવો છે કે, આ કામના આરોપી જાહેરમાં ગેરકાયદેસર પાસ પરમીટ વિના દારુ પી લથડીયા ખાતો બકવાસ કરતો મળી આવેલો છે.

(૩) ગુજરાત પ્રોહીબીશન એકટ હેઠળ કલમ ૮૫ માં સુધારો કરેલ છે. જેમાં કલમ ૮૫(૧) સાબિત કરવા માટે નીચે મુજબના તત્વો હોવા જરુરી છે. આરોપી દારુ પીધેલ હાલતમાં છાટકો બનેલ હોય અને ઉપદ્વવ કરતો હોવો જોઈએ. આરોપી છાટકો બનેલાની સાથે આ વ્યાખ્યામાં જણાવ્યા મુજબ તે ઉપદ્વવ કે ઝઘડો કે મારામારી કરતો હોવો જોઈએ કે અપશબ્દો અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોવો જોઈએ કે કોઈ સ્ત્રી સાથે ગેરવર્તણૂંક કરતો હોવો જોઈએ.

(૪) હાલના કામમાં એફ. આઈ. આર. તથા રેકર્ડ ઘ્યાને લેતાં આરોપી દારુ પીધેલી હાલતમાં લથડીયા ખાતા બકવાસ કરતા મળી આવેલાની હકીકત જણાવવામાં આવેલ છે પરંતુ આરોપીએ કોઈ ઉપદ્વવ કરેલ હોય તેમ પ્રથમ દર્શનીય રીતે જણાતું નથી. વધુમાં કલમ ૮૫(૧)ના આવશ્યક તત્વો હાલની ફરિયાદમાં જણાવેલ નથી. એપીપીશ્રીએ પટેલ કાંતિલાલ બાબલદાસ વિ. સ્ટેટ ઓફ ગુજરાત રીપોર્ટેડ ઈન **LAW S (GJH) 2007 (7) 152** પર ભાર મુકેલ છે. નામ. સુપ્રિમ કોર્ટના આ ચુકાદાને હું સંપૂર્ણ પણે માન આપું છું. પરંતુ હાલના કેસની હકીકત તથા સંજોગો અલગ હોય સદર ચુકાદો ફરિયાદપક્ષને મદદરુપ નથી. ડીસ્ચાર્જ અરજી નિકાલ કરતી વખતે કોર્ટે ફકત એટલી જ હકીકત જોવાની હોય છે કે,

આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનિય કેસ છે કે નહીં. નામ. સુપ્રિમ કોર્ટનો **Arun Vyas v. Antila Vyas AIR 1999 SUPREME COURT 2071** માં પેરા ૯માં ઠરાવેલ છે કે,

9. Section 239 has to be read along with Section 240 Cr. P. C. If the Magistrate finds that there is prima facie evidence or the material against the accused in support of the charge(allegations)he may frame charge in accordance with Section 240 Cr. P. C. But if he finds that the charge(the allegations or imputations) made against the accused do not furnish basis for framing charge, it will be a case of charge being groundless, so he has no option but to discharge the accused.

વધુમાં નામ. ઝારખંડ હાઈકોર્ટના ચુકાદા **Ratan kumar Singh V/S State of Jharkhand through Vigilance reported in 2013 0 Supreme(Jhk)915** માં પેરા ૧૨માં ઠરાવેલ છે કે,

12. It is well settled that in a case where upon considering the record of the case and documents submitted before it, the court finds that no offence is made our or there is a legal bar to such prosecution under the provisions of the code or any other law for the time being in force and that there exists no ground to proceed against the accused, the court may discharge the accused.

(૫) આમ, ઉપરોકત મુજબની વિગતવાર ચર્ચા તથા નામ. સુપ્રિમ કોર્ટ નામ. ઝારખંડ હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત થયેલ ઉપર મુજબના સિધ્ધાંતો ઘ્યાને લેતાં આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ ૮૫(૧) મુજબના તત્વો આકર્ષાતા નથી. પરંતુ ફરિયાદની હકીકતો વંચાણે લેતા આરોપી દારુ પીને નશો કરેલી હાલતમાં જાહેરમાંથી પકડાઈ ગયેલા હોવાનું જણાઈ આવે છે આથી તે બાબતે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી)ના તત્વો આકર્ષાતા હોવાનું જણાઈ આવે છે. જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરું છું.

***<u>હુકમ</u>***

(૧) હાલના આરોપી **<u>સિકંદર ઉર્ફે જોની હાસમભાઈ અજમેરી</u>**ને પ્રોહી એકટની કલમ ૮૫(૧) માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૯ મુજબ ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી વિરુધ્ધ પ્રોહી એકટની કલમ ૬૬(૧)(બી) મુજબનું તહોમત મુકીને કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪મી, માહે: સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪

સ્થળ:– રાજકોટ

(નેહા દિનેશભાઈ જોષીપુરા)
૦૭મા એડી. જ્યુ.મેજી.ફ.ક.,
રાજકોટ.
યુઆઈડી–જીજે૦૧૭૦૧